प्रकाशकनुं निवेदन

ઇરાનના શીરાઝ નગરમાં સાતસો વર્ષ પહેલાં થઇ ગએલા જગપ્રસિદ્ધ મહાપુરુષ "શેખ સાદી"એ ફારસીમાં રચેલા "ગુલિસ્તાઁ" ગ્રંથના સારાંશરૂપે આ "સુબોધ પુષ્પવાટિકા" છે. ફારસીમાં આની બરાબરી કરનારૂં બીજું એક પણ પુસ્તક હજુ સુધી લખાયું નથી.

એ જગવિખ્યાત "ગુલિસ્તાઁ"નો તેમજ તેના લેખક મહાપુરુષ શેખ સાદીનો જે સંક્ષિપ્ત પરંતુ સુંદર પરિચય શ્રીયુત પ્રેમચંદજીએ પોતાના હિન્દી પુસ્તકમાં આપ્યો છે, તેનો સારાંશ નીચે પ્રમાણે છેઃ–

"શેખ સાદીની ગણત્રી એવા મહાત્માઓમાં થએલી છે કે જે મહાત્માઓના વિચારોનો પ્રભાવ માત્ર તેમનાજ દેશ ઉપર નહિ પરંતુ સમસ્ત સંસાર ઉપર પડ્યો છે. તેઓ કવિ હતા, એટલુંજ નહિ પણ કોઇ ઉચ્ચ ઉદ્દેશને સિદ્ધ કરવા સારૂ જન્મેલા મહાન કવિ હતા. કેવલ કાવ્યપ્રેમીઓનું મનરંજન કરવામાંજ એમણે પોતાની કાવ્યશક્તિ નથી વાપરી. એમનો ઉદ્દેશ તો પોતાના જાતભાઇઓની નીતિ, વિચાર અને વ્યવહારનું સંશોધન કરવું એજ હતો. પોતાની સંપૂર્ણ કાવ્યશક્તિ તેઓએ એજ ઉદ્દેશપૂર્તિને સમર્પણ કરી દીધી હતી. સંસારના જે કોઈ કોઇ કવિને માટે આપણે એમ કહી શકીએ કે, તે પોતાના બાંધવોને ઇશ્વરનો અમુક અમુક ખાસ સંદેશ સંભળાવવા સારૂજ આ જગતમાં આવ્યા હતા તેવા વિરલ કવિઓમાના એક કવિવર શેખ સાદી છે. એક વિદ્વાન કહે છે કે, માનવચરિત્રના ભાવો દર્શાવવાનું કામ કવિનું નથી; પરંતુ જે સત્યોનો એણે પોતાના જીવનમા અનુભવ કર્યો હોય તે દર્શાવવાનું તેનું કામ છે. આ દૃષ્ટિથી જોતા મહાત્મા સાદીનું સ્થાન અત્યંત ઉંચું છે. માનવસ્વભાવનો જેટલો અનુભવ તેમને હતો; સંસારને જેટલા અને જેવી રીતે તેમણે નીરખ્યો હતો; તેટલો અને તેવી રીતે જગતમા થોડાઓએજ નીરખ્યો હશે. એમણે જે કાંઈ લખ્યું છે તે તેમના જાતિઅનુભવનું છે."

"એ જમાનાના સભ્ય ગણાતા સર્વ દેશો પર શેખ સાદી ફરી વળ્યા હતા. તેઓ [illegible] પ્રવાસજ કર્યા કરતા અને તેમાં જે કાંઈ [illegible] કે શિક્ષાપ્રદ બાબતો અને પ્રસંગો મળે તેનો પોતાના [illegible] સંગ્રહ કરી લેતા હતા. એ કારણથી (અને તેઓ [illegible] હતા તેથીજ) તેમનાં લખેલાં બે પુસ્તક "ગુલિસ્તાં" અને "[illegible]" એટલાં બધાં પ્રચલિત થઇ રહ્યાં છે કે જગતમાં [illegible] પ્રચાર બહુજ થોડા ગ્રંથોનો થયો હશે. [illegible] શેખ સાદીથી જરૂર પરિચિત હશે. [illegible] પુસ્તકાલય, વિદ્યાલય અને વિદ્યા- [illegible] શેખ સાદી કેવળ પદ્યમયજ નહિ [illegible] હતા. જેટલો સત્કાર ગુલિસ્તાં- [illegible] ગ્રંથનો નથી થતો. બોસ્તાંની [illegible] છે; પણ ગુલિસ્તાં- [illegible] તેમ નથી. અનેક [illegible] લખવાના પ્રયત્ન કર્યા [illegible] એટલી મધુર, [illegible] અણમોલ છે [illegible] હશે. [illegible] વાતો [illegible]

વધેલ્દ્દ શેખ સાદીનીજ લેખનશૈલી ત્યાં ત્યાં ઝળકી ઉઠે છે ! ! સાદીએ એ પુસ્તકનું નામ પણ બહુજ વાસ્તવિક રાખ્યું છે. કેમકે તે એક એવી મનોરમ પુષ્પવાટિકા છે કે તેની રચનાને ૭ ૭ સદીઓ વીતી જવા છતાં આજે પણ તે તેવી ને તેવીજ લીલીછમ, નવપુષ્પિત અને સુસજ્જિત શોભી રહી છે. સંસારમાં હવે ભાગ્યેજ કોઇ ઉન્નત ભાષા એના અનુવાદ વિનાની રહી હશે."

એવા મહિમાશાળી ફારસી ગ્રંથ "ગુલિસ્તાઁ" ઉપરથી હિંદીમાં એક પુસ્તક શ્રીયુત મહેશચંદ્ર દાસને હાથે તૈયાર થઈ કલકત્તામાં શ્રીયુત હરિદાસ વૈદ તરફથી અને બીજું પુસ્તક શ્રીયુત પ્રેમચંદજીના હાથે તૈયાર થઇ કલકત્તાની હિન્દી પુસ્તક એજન્સી તરફથી પ્રસિદ્ધ થયેલું; તે બંનેના આધારે ગુજરાતીમાં આ "સુબોધ પુષ્પવાટિકા" સીનોરવાસી શ્રીયુત ગોવર્ધનદાસ દહાનદાસ અમીન પાસે તૈયાર કરાવી છે.

શેખ સાદીનું બીજું જે જગપ્રસિદ્ધ પુસ્તક "બોસ્તાઁ" કરીને છે તેમાંના પણ થોડાક દાખલા આમાંના એક પ્રકરણમાં આપાયલા જણાશે.

આ "સુબોધ પુષ્પવાટિકા"ની યોજના મોટે ભાગે નાની નાની કહાણીઓના ધોરણ પર થએલી હોવાથી આગળ તો તે ટુંકી વાર્તાઓના સાતમા ભાગ ભેગી પ્રસિદ્ધ થઈ હતી; પણ આ બીજી આવૃત્તિ જુદા પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરી છે. આશા છે કે, ઉત્તમ વાચનના પ્રેમી સજ્જનો પોતે તેનો લાભ લેવા ઉપરાંત અન્ય સજ્જનોને પણ સલાહ, સૂચના અને બને તો ભેટ આપીને પણ પોતાના તનમનધનનો યથાશક્ય સદુપયોગ જરૂર કરશે.

"વિવિધ ગ્રંથમાળા"ના ઘણાખરા ગ્રાહક સજ્જનોએ આ પુસ્તક ટુંકી વાર્તાઓ ભેગું છપાયલું તે વાંચ્યું હશેજ; છતાં આ આવૃત્તિ એવા હેતુથી મોકલાશે કે, તેઓ આ આવૃત્તિ પણ કમમાં કમ એક વાર તો કાળજીપૂર્વક વાંચીને શેખ સાદી જેવા જગતવંદ્ય મહાપુરૂષના અતિ ઉપકારક વચનો પ્રેમ અને કાળજીપૂર્વક સ્વહૃદયમાં સ્થાપી તેને

विविध ग्रंथमाळानो सं० १९८९–९० नो पृष्ठमेळ

ગ્રંથાંક	ગ્રંથનું નામ	મૂલ્ય	પૃષ્ઠ
૨૫૩–૫૬	શુભસંગ્રહ–ભાગ ૮ મો	૧ાા	૬૨૪
૨૫૭–૬૦	સામાજિક ટુંકી વાર્તાઓ–ગ્રંથ ચોથો–ભાગ ૯ મો	૧ાા	૫૦૪
૨૬૧–૬૩	શ્રીમહાભારતમંજરી	૨)	૭૪૪
૨૬૪	સુબોધ પુષ્પવાટિકા	૦ા~	૧૩૬
	કુલ	૫ા~	૨૦૦૮

ગ્રંથમાળાનું વાર્ષિક મૂલ્ય રૂ. ૫) હોવા છતાં ઉપર પ્રમાણે રૂ. ૫ા~ નાં પુસ્તકો અપાયાં છે.

૧૫૦૦ થી ૧૬૦૦ પૃષ્ઠનું વાર્ષિક ધોરણ જોતાં ત્રણ પુસ્તક બસ થાત; છતા ઉપર મુજબ થવાનું કારણ માત્ર ઈશ્વરેચ્છાજ છે.

[illegible] કરવા નહિ ચૂકે. અને પછી પણ આ [illegible] ન રાખી મૂકતાં અન્ય અનેક સજ્જનો તેનો લાભ [illegible] કરશે. ૐ तत्सत्

[illegible] ૧૯૮૮ [illegible] ભિક્ષુ–અખંડાનંદ

આ પુસ્તકની [illegible] આ [illegible] પુસ્તકોનું સૂચિપત્ર છપાયલું [illegible] ૧૯૮૮ ના [illegible] છપાયલું એટલે તે રદ સમજવું. છેલ્લું [illegible] છપાયું છે તે તરફ [illegible] આવે છે.

તા. ક. આ પુસ્તક સં. ૧૯૮૮ ના પોષ માસમાં છપાયેલું [illegible] છે. (શ્રાવણ માસ–સં. ૧૯૯૦)

अनुक्रमणिका

विविध ग्रंथमाळानो सं० १९८९–९० नो पृष्ठमेळ

ગ્રંથાંક	ગ્રંથનું નામ	મૂલ્ય	પૃષ્ઠ
૨૫૩–૫૬	શુભસંગ્રહ–ભાગ ૮ મો	૧ા	૬૨૪
૨૫૭–૬૦	સામાજિક ટુંકી વાર્તાઓ– ગ્રંથ ચોથો–ભાગ ૯ મો	૧ા	૫૦૪
૨૬૧–૬૩	શ્રીમદ્દાભારતમંજરી	૨)	૭૪૪
૨૬૪	સુબોધ પુષ્પવાટિકા	૦।~	૧૩૬
	કુલ	૫ા~	૨૦૦૮

ગ્રંથમાળાનું વાર્ષિક મૂલ્ય રૂ. ૫) હોવા છતાં ઉપર પ્રમાણે રૂ. ૫ા~ નાં પુસ્તકો અપાયાં છે.

૧૫૦૦ થી ૧૬૦૦ પૃષ્ઠનું વાર્ષિક ધોરણ જોતાં ત્રણ પુસ્તક બસ થાત; છતાં ઉપર મુજબ થવાનું કારણ માત્ર ઈચ્છાજોગ છે.

વિશેષ પવિત્ર અને ઉન્નત કરવા નહિ ચૂકે. અને પછી પણ આ ચોપડી આમસ્થી ન રાખી મૂકતાં અન્ય અનેક સજ્જનો તેનો લાભ લે એવી કૃપા પણ જરૂર કરશે. ૐ तत्सत्

પોષ-૧૯૮૮ અવગુણસાગર ભિક્ષુ-અખંડાનંદ

આ પુસ્તકની છેવટે આ સંસ્થાનાં પુસ્તકોનું સૂચિપત્ર છપાયલું છે તે સં. ૧૯૮૮ ના પોષમાં છપાયલું એટલે તે રદ સમજવું. છેલ્લું સૂચિપત્ર તો મહાભારત મંજરીમાં હમણાંજ છપાયું છે તે તરફ વાચક સજ્જનોનું ધ્યાન ખેંચવામાં આવે છે.

તા. ક. આ પુસ્તક સં. ૧૯૮૮ ના પોષ માસમાં છપાયેલું પરંતુ આ ચાલુ વરસમાં બહાર પડ્યું છે. (શ્રાવણ માસ-સં. ૧૯૯૦)

अनुक्रमणिका

विविध ग्रंथमाळानो सं० १९८९-९० नो पृष्ठमेळ

ગ્રંથાંક	ગ્રંથનું નામ	મૂલ્ય	પૃષ્ઠ
૨૫૨-૫૬	શુભસંગ્રહ-ભાગ ૮ મો	૧॥	૬૨૪
૨૫૭-૬૦	સામાજિક ટુંકી વાર્તાઓ-ગ્રંથ ચોથો-ભાગ ૯ મો	૧॥	૫૦૪
૨૬૧-૬૩	શ્રીમહાભારતમંજરી	૨)	૭૪૪
૨૬૪	સુબોધ પુષ્પવાટિકા	०।~	૧૩૬
	કુલ	૫।~	૨૦૦૮

ગ્રંથમાળાનું વાર્ષિક મૂલ્ય રૂ. ૫) હોવા છતાં ઉપર પ્રમાણે રૂ. ૫।~ નાં પુસ્તકો અપાયાં છે.

૧૫૦૦ થી ૧૬૦૦ પૃષ્ઠનું વાર્ષિક ધોરણ જોતાં ત્રણ પુસ્તક બસ થાત; છતાં ઉપર મુજબ થવાનું કારણ માત્ર ઈશ્વરેચ્છાજ છે.

વિશેષ પવિત્ર અને ઉન્નત કરવા નહિ ચૂકે. અને પછી પણ આ ચોપડી અમસ્થી ન રાખી મૂકતાં અન્ય અનેક સજ્જનો તેનો લાભ લે એવી કૃપા પણ જરૂર કરશે. ૐ तत्सत्

પોષ–૧૯૮૮ અવગુણસાગર **ભિક્ષુ–અખંડાનંદ**

આ પુસ્તકની છેવટે આ સંસ્થાનાં પુસ્તકોનું સૂચિપત્ર છપાયેલું છે તે સં. ૧૯૮૮ ના પોષમાં છપાયેલું એટલે તે રદ સમજવું. છેલ્લું સૂચિપત્ર તો મહાભારત મંજરીમાં હમણાંજ છપાયું છે તે તરફ વાચક સજ્જનોનું ધ્યાન ખેંચવામાં આવે છે.

તા. ક. આ પુસ્તક સં. ૧૯૮૮ ના પોષ માસમાં છપાયેલું પરંતુ આ. ચાલુ વરસમા બહાર પડ્યું છે. (શ્રાવણ માસ–સં. ૧૯૯૦)

अनुक्रमणिका

विविध ग्रंथमाळानो सं० १९८९–९० नो पृष्ठमेळ

ગ્રંથાંક	ગ્રંથનું નામ	મૂલ્ય	પૃષ્ઠ
૨૫૪–૫૬	કુસુમસંગ્રહ–ભાગ ૮ મો	૧॥	૬૨૪
૨૫૭–૬૦	સામાજિક ટુંકી વાર્તાઓ–ગ્રંથ ચોથો–ભાગ ૯ મો	૧॥	૫૦૪
૨૬૧–૬૩	શ્રીમહાભારતમંજરી	૨)	૭૪૪
૨૬૪	સુબોધ પુષ્પવાટિકા	૦।~	૧૩૬
	કુલ	૫।~	૨૦૦૮

ગ્રંથમાળાનું વાર્ષિક મૂલ્ય રૂ. ૫) હોવા છતાં ઉપર પ્રમાણે રૂ. ૫।~ નાં પુસ્તકો અપાયાં છે.

૧૫૦૦ થી ૧૬૦૦ પૃષ્ઠનું વાર્ષિક ધોરણ જોતાં ત્રણ પુસ્તક બસ થાત; છતાં ઉપર મુજબ થવાનું કારણ માત્ર ઇચ્છાજ છે.

शेख सादीनुं संक्षिप्त वृत्तांत

શેખ મુસલહુદ્દીન(ઉપનામ સાદી)નો જન્મ ઈ. સ. ૧૧૭૨માં શિરાઝ નગરની પાસેના એક ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ અબ્દુલ્લાહ અને દાદાનું નામ શરફુદ્દીન હતું. આ કુટુંબની "શેખ" એ સન્માનસૂચક પદવી હતી. કારણ કે તેમની વૃત્તિ ધાર્મિક શિક્ષણ આપવાની હતી. પરંતુ એમનું કુળ સૈયદનું હતું. અત્યારે પણ "શિરાઝ" એ ઇરાનનું પ્રસિદ્ધ સ્થાન છે અને આગલા જમાનામાં તો તે સમગ્ર એશિયાની વિદ્યા, ગુણ અને કૌશલ્યના ભંડારરૂપ હતું. મીસર, એરાક, હબશ, ચીન, ખોરાસાન વગેરે દેશદેશાંતરના ગુણીજનો ત્યાં આશ્રય મેળવતા હતા. ત્યાં જ્ઞાન, વિજ્ઞાન, દર્શન, ધર્મશાસ્ત્રાદિનાં મોટાં મોટાં વિદ્યાલય સ્થપાયાં હતાં. એક ઉન્નત રાજ્યમાં સાધારણ સમાજની જેવી ઉત્તમ સ્થિતિ હોવી જોઈએ તેવી સ્થિતિ એ સમયે ત્યાં વર્તતી હતી. આથી સાદીને તેમના પિતાની સાથે બાળપણથીજ વિદ્વાનોના સત્સંગનો ઉત્તમ લાભ મળ્યા કરતો હતો. સાદીના પિતા અબ્દુલ્લાહનું એ વખતના "સાદબીન જંગી"ના દરબારમાં તેમજ લોકોમાં પણ ભારે માન હતું.

શેખ સાદીના પિતા ધાર્મિક વૃત્તિના માણસ હોવાથી સાદીમાં પણ ધાર્મિકતાની છાપ સારી ઊંડી આવી હતી. તે નાનપણથીજ નિમાઝ વગેરેમાં નિયમિત હતા. તેમના પિતા તેમની બાલ્યવયમાંજ ગુજરી ગયા હતા.

જો કે તે સમયે શિરાઝમાં વિદ્વાનો થોડા નહોતા તેમજ મોટાં મોટાં વિદ્યાલય પણ અનેક હતાં; પરંતુ ત્યાંના બાદશાહ સાદબીન

પામ્યાં તે એક મહાન રાજ્ય બન્યું હતું; એટલુંજ નહિ પણ એવું વૈભવશાળી રાજ્ય યુરોપમાં પણ એ સમયે બીજું ન હતું. આવા સમૃદ્ધિવાન રાજ્યનું મુખ્ય સ્થાન બગદાદ હતું. રાજા વિક્રમાદિત્યના સમયમાં ઉજ્જનની અને મૌર્યવંશના રાજ્યકાલમાં પાટલીપુત્રની જેવી ઉન્નત સ્થિતિ હતી તેવી એ વખતે બગદાદની હતી. વૈભવ અને આબાદીમાં તે શિરાઝ કરતાં પણ ચઢિયાતું હતું. અહીંના બાદશાહો ખલીફા કહેવાતા હતા. કેટલાક ખલીફા ઘણા વિદ્યાપ્રેમી થઇ ગયા હતા. તેમણે બગદાદમાં સેંકડો વિદ્યાલય સ્થાપન કર્યાં હતાં. ઘણે દૂર દૂરથી વિદ્વાનો અહીં પઠનપાઠન માટે આવતા હતા. આજે મોટા મોટા વિદ્વાન, મૌલાના, મોલવી, મુલ્લાં, વિદ્યાવેત્તા અને દાર્શનિકોની જે રચનાઓ ગૌરવપૂર્ણ દૃષ્ટિએ જોવાય છે, તે સર્વ બગદાદનાં વિદ્યાલયોનુંજ પરિણામ છે. વિશેષ કરીને એ સમયની બગદાદની "મદ્રેસા નિઝામિયા" વર્તમાનકાળનાં ઑક્સફર્ડ અથવા બર્લીનનાં વિશ્વવિદ્યાલયથી કોઇ રીતે ઓછી ન હતી. એ મહાવિદ્યાલયમાં એ સમયે સાત આઠ હજાર વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવતા હતા. તેના અધ્યાપક અને અધિષ્ઠાતાઓમા એવા એવા પુરુષો હતા કે આજે પણ મુસલમાનો તેમના માટે મગરૂર છે. આ મદ્રેસાનો પાયો એક એવા વિદ્યાપ્રેમીએ નાખ્યો હતો કે જેના વિદ્યાપ્રેમ આગળ અમેરિકાનો કાર્નેગી પણ હિસાબમાં આવે તેમ નથી. તે દાનવીર વિદ્યાપ્રેમીનું નામ "નિઝામુલમૂલ્કતૂસી" હતું. તે જલાલુદ્દીન સલજૂકીના વખતમાં રાજ્યનો મુખ્ય મંત્રી હતો. તેણે બગદાદ ઉપરાંત બસરા, નેશાપુર, ઇસ્પહાન વગેરે નગરોમાં પણ વિદ્યાલય સ્થાપન કર્યાં હતાં. પોતાનું અઢળક દ્રવ્ય તે શિક્ષણકાર્યમાં વાપરતો હતો.

નિઝામિયા મદ્રેસાની કીર્તિ ચોતરફ પ્રસરેલી હોવાથી સાદીએ

તેનો વિચાર થઇ શકે છે. તે સાધારણ વસ્ત્ર સિવાય અન્ય કંઇ પણ સાથે રાખતા નહોતા. રક્ષણના અને લાકડાં કાપવાના સાધન તરીકે તેઓ માત્ર એક કુહાડીજ સાથે રાખતા હતા. આજકાલના મુસાફરોની માફક ખિસ્સામાં નોંધપોથી રાખી પથદર્શક (ગાઇડ) પુસ્તકના આધારે પ્રસિદ્ધ સ્થાનો જોઇ લઇ પછી " આટલા વાગે આમ ગયા ને તેટલા વાગે તેમ ઉતર્યા; પછી ફલાણા સામા લેવા આવ્યા ને ઢીકણાને ત્યાં મુકામ કર્યો; " ઇ૦ ઇ૦ ટાયલાંનું મિશ્રણ કરી પોતાના પ્રવાસનું વર્ણન છપાવી પોતાની વિદ્વત્તા પ્રકટ કરવાનો સાદીનો ઉદ્દેશ ન હતો. તે જ્યાં જતા ત્યાં મહિનાના મહિના રહેતા અને ત્યાંના જનસમાજના રીતરિવાજ, રહેણીકરણીને આચારવિચારનું અવલોકન કરતા; ત્યાંના વિદ્વાનોનો સંગ કરતા અને જે કાંઇ વિચિત્ર વાતો જોતા તેનો પોતાના સ્મરણોમાં સંગ્રહ કરતા. તેમનાં ગુલિસ્તાં અને બોસ્તાં એ બને પુસ્તક તેમના એ અનુભવનાંજ ફળ છે. તેમણે વિચિત્ર જીવજંતુ, પ્રાકૃતિક દૃશ્ય અને અદ્ભુત પશુપક્ષીઓનાં વર્ણનથી પોતાનાં પુસ્તક દળદાર બનાવ્યાં નથી. સદાચાર અને સુસંસ્કારોને ખીલવી શકે, સંસારની અસારતાનું ભાન કરાવે અને માણસની સજ્જનતા અને દુર્જનતા ઉપર અજવાળું પાડે તેવીજ બાબતો પર તેમની દૃષ્ટિ રહ્યા કરતી હતી. એક બીજા સાથેના વ્યવહાર અને નીતિપાલનના ઉપદેશમાંજ તેમનુ ચિત્ત રમ્યા કરતું હતું. વિશેષ જોવા જેવું તો એ છે કે, કંઇક સિદ્ધાંતો દર્શાવવા સારૂ તેમને અદ્ભુત ઘટનાઓનો આશરો લેવાની લેશમાત્ર જરૂર પડી નથી. સામાન્ય નજરના બાબતોમાંથીજ તેમની બુદ્ધિએ જગતને ઉપદેશ આપવાનું શક્ય બનાવ્યું હતું; એમ તેમના "ગુલિસ્તાં" નામના ફારસી ગ્રંથ પરથી જણાઇ આવે છે

કેટલાક વિદ્વાનો એવું અનુમાન કરે છે કે, સાદી ચાર વાર

પણ તેમાં પ્રવેશ કર્યો. સાદીએ એ વિદ્યાલયમાં કેટલો કાળ વ્યતીત કર્યો હતો તે નિશ્ચિત નથી; પરંતુ તેમના લેખો પરથી જાણી શકાય છે કે ત્યાં તેમણે ફીકહ (ધર્મશાસ્ત્ર) અને હદીસ (પુરાણ) ઉપરાંત વિજ્ઞાન, ગણિત, ખગોળ, ભૂગોળ, ઇતિહાસ વગેરે વિષયોનું સારી રીતે અધ્યયન કરી "ઉલ્મા" ની પદવી મેળવી હતી. આટલા વિષયો-માં નિપુણ થવાને દશ વર્ષથી ઓછો સમય તેમને નહિજ લાગ્યો હોય.

કાળની ગતિ વિચિત્ર છે. સાદીએ જે વખતે બગદાદ છોડયું હતું તે વખતે એ નગરપર લક્ષ્મી અને સરસ્વતી બન્નેની કૃપા હતી; પરંતુ લગભગ પચાસ વર્ષ પછી તેમનીજ નજરે જણાયું કે એ વૈભવપૂર્ણ, સમૃદ્ધિશાળી નગર હલાકુખાનના હાથે નષ્ટભ્રષ્ટ થઇ ગયું છે. ખલીફાના દરબારમાં મોટા મોટા રાજા અને સરદારો પણ મહા-મુશ્કેલીએ જઇ શકતા હતા. છેવટે તે અતિ અપમાનપૂર્વક અને ક્રૂરતાથી માર્યો ગયો.

આ ઘોર વિપ્લવની સાદીના હૃદયપર એટલી બધી અસર થઇ કે જેથી તેમણે પોતાના લેખોદ્વારા વારંવાર રાજાઓને નીતિના રક્ષણનો, પ્રજાપાલનનો અને ન્યાયપ્રિયતાનો ઉપદેશ આપ્યો છે. તેમની એ માન્યતામાં જરા પણ સંદેહ નથી કે, ન્યાયપ્રિય પ્રજાભક્ત રાજાનો પરાજય કોઇપણ શત્રુ કરી શકતો નથી. જ્યારે એ ગુણો દૂર થાય છે ત્યારેજ તેને બૂરા દિવસ દેખવા પડે છે. સાદીએ દીન-પર દયા, દુઃખી પ્રત્યે સહાનુભૂતિ, દેશભાઇઓ પર પ્રેમ વગેરે ગુણને ઘણું મહત્ત્વ આપેલું છે. તેમના ઉપદેશોમાં જે જીવન નજરે પડે છે તેમાં આવાં હૃદયવિદારક દૃશ્યો પણ કારણભૂત હોવાં જોઇએ.

તે કાળના સભ્ય જગતમાં સાદીનું આગમન ન થયું હોય એવો એક દેશ નહોતો. તે પગેજ મુસાફરી કરતા હતા. આ પરથી તેમનું આરોગ્ય કેટલું ઉત્તમ હશે તેમજ તે કેટલા પરિશ્રમી હશે

તેનો વિચાર થઇ શકે છે. તે સાધારણ વસ્ત્ર સિવાય અન્ય કંઇ પણ સાથે રાખતા નહોતા. રક્ષણના અને લાકડાં કાપવાના સાધન તરીકે તેઓ માત્ર એક કુહાડીજ સાથે રાખતા હતા. આજકાલના મુસાફરોની માફક ખિસ્સામાં નોંધપોથી રાખી પથદર્શક (ગાઇડ) પુસ્તકના આધારે પ્રસિદ્ધ સ્થાનો જોઇ લઇ પછી "આટલા વાગે આમ ગયા ને તેટલા વાગે તેમ ઉતર્યા; પછી ફલાણા સામા લેવા આવ્યા ને ઢીકણાને ત્યાં મુકામ કર્યો;" ઇ૦ ઇ૦ ટાયલાંનું મિશ્રણ કરી પોતાના પ્રવાસનું વર્ણન છપાવી પોતાની વિદ્વત્તા પ્રકટ કરવાનો સાદીનો ઉદ્દેશ ન હતો. તેં જ્યાં જતા ત્યાં મહિનાના મહિના રહેતા અને ત્યાંના જનસમાજના રીતરિવાજ, રહેણીકરણી ને આચારવિચારનું અવલોકન કરતા; ત્યાંના વિદ્વાનોનો સંગ કરતા અને જે કાંઇ વિચિત્ર વાતો જોતા તેનો પોતાના સ્મરણકોષમાં સંગ્રહ કરતા. તેમનાં ગુલિસ્તાં અને બોસ્તાં એ બંને પુસ્તક તેમના એ અનુભવનાંજ ફળ છે. તેમણે વિચિત્ર જીવજંતુ, પ્રાકૃતિક દૃશ્ય અને અદ્ભુત વસ્ત્રાભૂષણનાં વર્ણનથી પોતાના પુસ્તક દળદાર બનાવ્યાં નથી. સદાચાર અને સુસંસ્કારોને ખીલવી શકે, સંસારની અસારતાનું ભાન કરાવે અને માણસની સજ્જનતા અને દુર્જનતા ઉપર અજવાળું પાડે તેવીજ બાબતો પર તેમની દૃષ્ટિ રહ્યા કરતી હતી. એકબીજા સાથેના વ્યવહાર અને નીતિપાલનના ઉપદેશમાંજ તેમનુ ચિત્ત રમ્યા કરતું હતું. વિશેષ જોવા જેવું તો એ છે કે, ઉચ્ચ સિદ્ધાંતો દર્શાવવા સારૂ તેમને અદ્ભુત ઘટનાઓનો આશરો લેવાની લેશમાત્ર જરૂર પડી નથી સામાન્ય નજીવી બાબતોમાથીજ તેમની બુદ્ધિએ જગતને ઉપદેશ આપવાનું શકય બનાવ્યું હતું; એમ તેમના "ગુલિસ્તાં" નામના કથાસંગ્રહ પરથી જણાઇ આવે છે.

કેટલાક વિદ્વાનો એવું અનુમાન કરે છે કે, સાદી ચાર વાર

હિંદમાં આવી ગયા હતા; પણ તે વિષે કંઇ પ્રમાણ મળતું નથી. માત્ર એટલુંજ નક્કી થઇ શકે છે કે, તે એક વખત આ દેશમાં ગુજરાત સુધી આવીને તરત પાછા ફર્યા હોવા જોઇએ.

ત્રીસ ચાલીસ વર્ષ સુધી મુસાફરી કર્યા પછી સાદીને જન્મભૂમિનું સ્મરણ થવાથી તે તરફ જવાનો તેમણે વિચાર કર્યો. હવે શિરાઝ પહેલાંની અવ્યવસ્થિત સ્થિતિમાં નહોતું. "સાદબીન જંગી" મરણ પામ્યો હતો અને તેનો પુત્ર "અતાબક અબૂબક" ગાદીપર આવ્યો હતો. તે ન્યાયી અને કુશળ હતો. તેના વ્યવસ્થિત શાસનથી દેશની દુર્દશામાં ઘણો ખરો સુધારો થયો હતો. સાદીએ દુનિયાનું સારી રીતે અવલોકન કરી લીધું હતું અને તે એકાંતવાસની ઇચ્છા ઉત્પન્ન કરનારી તથા સાંસારિક ઝગડાઓથી ઉદાસીન બનાવનારી અવસ્થાએ પણ પહોંચ્યા હતા. આથી તે શિરાઝમાં આવી પહોંચ્યા. આ વખતે તેમની વય લગભગ ૬૫ થી ૭૦ વર્ષ જેટલી હોવાનું અનુમાન કરવામાં આવે છે. અહીં સમાજ અને રાજાએ તેમને યોગ્ય આદરસન્માન આપ્યાં; પણ તે બહુધા એકાંતવાસમાંજ રહેતા હતા. તેઓ રાજદરબારમાં કોઇક પ્રસંગેજ જતા અને સામાન્ય જનસમાજથી તો દૂરજ રહેતા. કદાચ આનું કારણ એ પણ હોય કે અતાબક અબૂબકને વિદ્વાનો અને ધર્મગુરુઓ તરફ ચીડ હતી. તે તેમને પાખંડી અને કપટી સમજતો હતો. આ કારણથી તેણે ઘણાએ સર્વમાન્ય વિદ્વાનોને દેશનિકાલ કર્યા હતા. આનું પરિણામ એ આવ્યું હતું કે, તે કેટલાક મૂર્ખ ફકીરોની સેવા અને સમાગમમાં આવી પડ્યો હતો. ફકીર જેમ અભણ હોય તેમ તેને તે અધિક માન આપતો. સાદીનો બાદશાહ કરતાં યુવરાજપર વિશેષ પ્રેમ હતો. તેનું નામ ફખરૂદ્દીન હતું. તે બગદાદના ખલિફાને મળીને પાછો ફરતો હતો, તે દરમિયાન રસ્તામાં તેને પિતાના મરણના

સમાચાર મળ્યા. યુવરાજ, અતિ પિતૃભક્ત હોવાથી આ ખબર મળતાંજ તેના હૃદયને એટલો આઘાત થયો કે તે તરતજ બિમાર પડીને રસ્તામાંજ મરણ પામ્યો. આ મૃત્યુથી સાદીને એટલો શોક થયો કે તે ફરીથી શિરાઝમાંથી ચાલ્યા ગયા અને ઘણા વખત સુધી બહારજ ભ્રમણ કર્યું.

કહેવાય છે કે, સાદીના પ્રેમીઓમાં અલાઉદ્દીન નામનો એક ઉદાર પુરુષ હતો. યુવરાજના મરણ પછી સાદી જ્યારે પાછા શિરાઝમાં આવ્યા ત્યારે સુલ્તાન "અબાકાખાન"નો તે વજીર હતો. એક દિવસ માર્ગમાં સાદીનો મેળાપ થતાં વજીરે તેમનો સારો આદરસત્કાર કર્યો; ત્યારથી તે અંત સુધી તેણે સાદીની સારી સેવા ઉઠાવી હતી. તે જે કંઇ ધન આપતો તેમાંથી સાદી પોતાના માટે થોડુંક રાખી બાકીનું દીન દુઃખીઓને આપી દેતા. એક વખત એવું બન્યું કે અલાઉદ્દીને પોતાના ગુલામની સાથે ૫૦૦ દિનાર તેમના ઉપર મોકલ્યા. ગુલામ જાણતો હતો કે શેખ સાહેબ કોઈ વખત કોઇ વસ્તુની ગણતરી કરતા નથી. આથી તેણે ૧૫૦ દિનાર તેમાંથી કાઢી લીધા. સાદીએ વજન ઉપરથીજ સંખ્યાનું અનુમાન કરી લઇને આભાર માનતી એક કવિતા લખી મોકલી, તેમાં ૩૫૦ દિનારની પહોંચ જણાવી. આથી અલાઉદ્દીને ગુલામને શિક્ષા કરી. આ પછી તેણે શિરાઝમાં પોતાના એક મિત્રને લખ્યું કે, સાદીને ૧૦,૦૦૦ દિનાર આપવા; પરંતુ એ પત્ર પહોંચતા પહેલાંજ તે મિત્ર મરણ પામવાથી તેનો અમલ થયો નહિ. એ પછી અલાઉદ્દીને પોતાના એક વિશ્વાસુ મિત્ર સાથે ૫૦,૦૦૦ દિનાર તેમના ઉપર મોકલ્યા હતા. સાદીએ એ ધનથી એક ધર્મશાળા બંધાવી અને મરણપર્યંત ત્યાંજ કાળ નિર્ગમન કર્યો. હાલ એજ ઠેકાણે તેમની સમાધિ છે. એ ઉપરથી નક્કી થાય છે કે, વળી પાછા તે

કિતાબમાં આપેલા છતાં આવૃત્તિ એટલી એમની ઉમરની આસરે (ખાત્રી) થાય છે; પરંતુ તેમના જન્મની ખરી હકીકત મળતી નથી. અનુમાન થાય છે કે તેમનો જન્મ ઈ. સ. ૧૨૮૮ની લગભગનો છે અને તે પ્રમાણે તેમની ઉમર ૧૧૬ વર્ષની હતી. કેટલાકનો મત એવો છે કે, સાદીનું મરણ હીજરી સન ૬૯૧ ઈ. સ. ૧૨૯૨ ના શવ્વાલ (સપ્ટેમ્બર—ઓક્ટોબર) માસમાં શુક્રવારના દિવસે થયું હતું.

સાદીએ લખેલા પુસ્તકોની સંખ્યા ૧૫ થી અધિક છે. એમાંનાં ચાર પુસ્તક કેવળ ગઝલોના છે. એક બે પુસ્તકો વખતોવખત બાદશાહ અથવા વજીરોની પ્રશંસા માટે લખાયેલ કવિતા વગેરેનાં છે. તેમાં એક અરબી ભાષામાં છે. બે પુસ્તક ભક્તિમાર્ગ વિષે લખેલા છે. વળી પણ તેમની સમસ્ત રચનામાં એટલું ઉજ્જ્વલ તેજ છે કે મોટા મોટા કવિઓએ તેમને ગઝલોના બાદશાહ માન્યા છે; પરંતુ સાદીની કીર્તિ વિશેષતઃ ગુલિસ્તાં અને બોસ્તાંપર નિર્ભર છે. પોતાની કવિતાઓમા તેમણે ખુશામત કરેલી નથી કે મિથ્યા તારીફને સ્થાન નથી આપ્યું. ગઝલોમાં પણ તેમણે આશક-માશુકનાં પ્રેમદર્દ ગાયા નથી; તો પછી ગુલિસ્તાં અને બોસ્તાં વિષે તો કહેવુંજ શું ? એની રચના માત્ર ઉપદેશનિમિત્તેજ થયેલી છે. એ બંને પુસ્તકને ફારસી સાહિત્યના સૂર્ય અને ચંદ્ર સમાન માનવામાં આવે તો અતિશયોક્તિ થશે નહિ. ઉપદેશનો વિષય ઘણો શુષ્ક ગણાતો હોવાથી ઉપદેશકને પણ હમેશાં પોતાની કડવી અને રસહીન વાતો માટે બદનામીજ રહે છે. કેમકે ઉમદા શિખામણો સર્વ કોઇને ગમતી નથી. આથી વિદ્વાનોએ તે કડવી ઔષધિને જાત જાતનાં સુમધુર શરબત સાથે પાવાનો પ્રયત્ન કરેલો છે. કોઈ એ માટે ચકલા-ચકલીની વાતો રચે છે ત્યારે કોઇ કલ્પિત કથાઓ મીઠું મરચું ભભરાવી લખે છે; પરંતુ સાદીએ એ મુશ્કેલ કાર્ય એવી કુશળતા

અને બુદ્ધિપૂર્વક પાર પાડ્યું છે કે, તેમનો ઉપદેશ કાવ્યથી પણ વિશેષ સુબોધક બન્યો છે. આવા ચતુર ઉપદેશક સર્વ દેશોમાં વિરલજ ઉપજે છે.

ઉપરોક્ત બન્ને ગ્રંથોમાં બીજો ગુણ સરળતાનો છે. તેમાં એક વાક્ય નીરસ નથી; એટલુંજ નહિ પણ ભાષા એવી મધુર અને સરળ છે કે, તે વિષે આશ્ચર્ય થાય છે. સાધારણ લેખક જ્યારે સુંદર ભાષા લખવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેનામાં કૃત્રિમતા આવી જાય છે; પરંતુ સાદીએ તો સાદાઇ અને સમજાવટનું એવું મિશ્રણ કરી દીધું છે કે, આજ સુધી અન્ય કોઇ લેખકથી તેવી શૈલીનું અનુકરણ થયું નથી અને જેમણે કર્યું છે તેમને નિષ્ફળતાજ મળી છે. ગુલિસ્તાંના જન્મ વખતે ફારસી ભાષા બાલ્યાવસ્થામાં હતી. તે પ્રસંગે પદ્યનો પ્રચાર થઇ ગયેલો હતો પણ ગદ્ય તો કેવળ વાતચીત અને બજારમાંજ હતું—અર્થાત્ સાદીને નવો પંથ આંકવાનો હતો. તેઓજ ખરી રીતે ફારસી ગદ્યના જન્મદાતા હતા. એમની પ્રતિભા એવી અદ્ભુત છે કે આજે ૬૦૦ વર્ષ થવા છતાં તેમની ભાષા સર્વોત્તમ મનાય છે. એમના પછી કેટલાંએ ગદ્ય પુસ્તક લખાયાં છે; પરંતુ તે સર્વની ભાષાને પુરાણી થઈ જવાનું કલંક લાગી ચૂક્યું છે, ત્યારે ગુલિસ્તાંની રચના સર્વથી પહેલી થવા છતાં અદ્યાપિ તે ફારસીનું આભૂષણ મનાય છે. તેની ભાષા પર હજુસુધી સમયનો પ્રભાવ નથી પડી શક્યો

સાહિત્યસંસારમાં ગદ્ય અને પદ્ય એ બન્નેની રચનામાં સર્વશ્રેષ્ઠ સ્થાન મેળવનાર ઘણા જ થોડા જણાય છે; પણ સાદીએ તેમાં સ્થાન મેળવ્યું છે. ગુલિસ્તાં અને બોસ્તાં ઉભય નૈતિક વિષય પ્રકટ કરે છે, પરંતુ જે માન ગુલિસ્તાંને છે તે બોસ્તાંને નથી. બોસ્તાંની સમાનતા ધરાવનારાં કેટલાંક કિતાબો ફારસીમાં છે.

ચારે કાવ્યોનું માન કોઇ ને કોઇ અંશે તેના મૂળ વિષય પર અવલંબેલું છે; પરંતુ બોશ્તાં એક નીતિગ્રંથ છે અને બહુધા એવા વિષયનાં પુસ્તક જનસમાજને પ્રિય નથી થતાં–અર્થાત્ બોસ્તાંનું જે આદરમાન અને પ્રચાર છે તે સર્વથા તેની સરળતા અને વિચારની ઉત્તમતાને લીધે છે. મૌલાના રૂમે જીવનનાં ગૂઢ તત્ત્વોનું વર્ણન કર્યું છે અને ધાર્મિક વિચારના માણસોમાં તેનું સન્માન ભારે છે. ભાષાની મધુરતા અને પ્રેમભાવ હાફીઝમાં સાદી કરતાં પુષ્કળ આગળ વધેલ છે. તેના જેવાં મર્મસ્પર્શી કાવ્ય ફારસી ભાષામાં કોઇએ રચ્યાં નથી. તેની ગઝલોની કેટલીએ ટુંકો જાણે કે હમણાંજ બનેલા સાધારણ બનાવ પર આલેખાઇ હોય એમ લાગે છે. ધન્ય છે શિરાઝની પવિત્ર ભુમિને કે જેણે સાદી અને હાફિઝના જેવાં અમૂલ્ય રત્ન ઉત્પન્ન કર્યાં છે. ભાષા અને ભાવની સરળતામાં સાદી સર્વશ્રેષ્ઠ મનાય છે. ફીરદોસી અને નિઝામી બહુધા અલૌકિક વાતોનું વર્ણન કરે છે; પરંતુ સાદીએ તેવી અલૌકિક ઘટનાઓનો આશ્રય નથી લીધો. અરે! તેમની અતિશયોક્તિએ પણ અસ્વાભાવિકતાનું રૂપ નથી લીધું. તેમણે સમયાનુસાર સર્વ રસમાં વર્ણન કર્યું છે; પરંતુ એ સર્વમાં કરુણરસને પ્રધાન સ્થાન છે. દયાના વિષયમાં તેમની લેખિની અતિકરુણ બનેલી છે. સાદી નિમાઝ અને રોઝાના પૂજારી હતા; પરંતુ સેવાધર્મને એથી પણ શ્રેષ્ઠ માનતા હતા. તેમણે સેવા ઉપર વારંવાર ભાર મૂકેલો છે. તેમના બીજા પ્રિય વિષયો રાજનીતિના છે. તે બાદશાહોને ન્યાય, ધર્મ, દયા અને ક્ષમાનો ઉપદેશ કરવામા કદી થાકતા ન હતા. તેમની રાજનીતિપર રાજભક્તિનો એવો રંગ નહોતો ચઢયો કે જેથી ખરી વાતો કહેવાથી તે દૂર રહી જાય એમના રાજનીતિવિષયક વિચારોની સ્વતંત્રતા આજે પણ આશ્ચર્ય ઉપજાવે છે. આજે વીસમી સદીમાં પણ

"સ્વાભાવિક સૌંદર્યને ટાપટીપની આવશ્યકતા નથી."

× × ×

"સ્વભાવથીજ જે અયોગ્ય હોય તેનાપર સત્સંગની અસર થતી નથી."

× × ×

"મોટાઇનું માપ ધન ઉપર નથી, પણ હૃદય ઉપર છે અને વૃદ્ધપણાનો આધાર વર્ષો ઉપર નથી પણ અક્કલ ઉપર છે."

× × ×

"ઈર્ષાળુ માણસ જાતેજ ઈર્ષાગ્નિમાં બળ્યા કરે છે. તેને વિશેષ સજા કરવાની જરૂર નથી."

× × ×

"દુઃખ આવે છે ત્યારેજ સુખનું મૂલ્ય સમજાય છે."

× × ×

"જેનું નામું માગ્યું છે તેને હિસાબ નપામનારનો શો ભય છે?"

× × ×

'વિપત્તિમાં જે કામ આવે તેજ મિત્ર છે."

× × ×

"અત્યગુણથી દૂર રહીશ નો નારૂં કોઇ પણ બગાડી શકશે નહિ. ધોબી માત્ર મેલા વસ્ત્રનેજ પથ્થરપર પટકે છે."

× × ×

સજ્જનના સંગમાં કેદખાનું પણ સ્વર્ગ છે અને દુર્જનના સંગમાં સ્વર્ગ પણ નરક સમાન છે."

× × ×

"કુમાર્ગ પર ચાલનાર થી કોઇ બચાવે તેના કરતાં સન્માર્ગે

ચાલવા છતાં લોકો વખોડે તે પણ સારૂં છે."

× × ×

"પ્રભુ સર્વની સંભાળ લઇ રહ્યો છે તોપણ સમજુ માણસનો ધર્મ છે કે સહાયપાત્રને સહાય આપ્યા કરવી."

× × ×

"તૃષ્ણા ચતુરને પણ મૂર્ખ બનાવે છે."

× × ×

"નિસ્પૃહીનુંજ શિર સદા ઉંચું રહે છે."

× × ×

"કાગડો હંસ નથી થઇ શકતો."

× × ×

"મૂર્ખના પ્યાર કરતાં સમજુની નારાજી સારી."

× × ×

"દાનનો શોખીન ધનવાન નથી બની શકતો અને ધનનો શોખીન દાની નથી બની શકતો."

× × ×

"ધ્યાનમાં રાખ કે દિવાલને પણ કાન હોય છે."

× × ×

"કસ્તુરીનો પરિચય તેની સુગંધથી થાય છે; તેના વર્ણનથી નહિ."

× × ×

"સ્વાર્થી અને સંકુચિતવૃત્તિવાળાને માન નથી મળતું."

× × ×

"[illegible] કરીને નવાં વસ્ત્રો પહેરવા કરતાં થીગડાં દઈને જુનાં વસ્ત્રો પહેરવાં સારાં છે."

× × ×

"જો કોઇની કડવી વાત સાંભળવી ન ગમતી હોય તો તમે પણ તમારી જીભને કડવી ન થવા દેના."

× × ×

"એવો પણ વખત આવે છે કે ચકલીઓ વાઘની આંખો ફોડી નાખે છે."

× × ×

"જે માણસ વિચારીને વાત નથી કરતો તેને પોતાનેજ ઉપર અવિચારી કઠોર વાતો સાંભળવી પડે છે."

× × ×

"કેદમાંથી છોડવનારી જૂઠ કરતાં કેદમાં મોકલનારું સત્ય ઉત્તમ છે."

× × ×

સાદીનો ઉપદેશ હૃદયના ઊંડાણમાંથી અને તેમના ઉત્તમ ચારિત્રમાંથી નીકળ્યો હતો તેથીજ આટલો લાંબો કાળ જવા છતાં હજી જેવો ને તેવો અસરકારક રહ્યો છે. આજકાલના સેંકડો ઉપદેશકોની માફક તે બીજાઓને પરમાર્થનો માર્ગ બતાવી પોતે સ્વાર્થલંપટ રહ્યા ન હતા. તેમની વૃત્તિ સ્વભાવથીજ સાત્ત્વિક હતી અને તે કદી પણ વાસનાથી ચલિત થયા નથી. અન્ય કવિઓની માફક તેમણે કોઇ રાજદરબારનો આશ્રય પણ નથી લીધો. ધનની કુળદેવી જે નૈતિક અને આત્મિક બલિદાન ઇચ્છે છે તેવું બલિદાન સાદીએ જરા પણ નથી આપ્યું; એટલુંજ નહિ પણ રાજાઓને ઉપદેશ કરવાનું સાપના દરમાં આંગળી નાખવા જેવું અથવા તો એક પગ કાંટામાં અને એક પગ પુષ્પોમાં રાખવા જેવું કાર્ય, કે જે સાદીના સમયમાં તો અતિશય જોખમભરેલું હતું; તે કાર્ય બજાવવામાં મહાત્મા સાદીએ જે સાહસ કર્યું છે તે કાંઇ સામાન્ય બાબત નથી.

સાદીએ ગમે તેવા કઠિન સમયમાં પણ પોતાનો ટેક ત્યજ્યો નથી. જ્યારે તે બીજી વાર શિરાઝથી બગદાદ ગયા હતા ત્યારે ત્યાં હલાકુખાન મુગલનો પુત્ર અબાકાખાન બાદશાહ હતો. હલાકુખાનનો ઘોર અત્યાચાર ચંગીઝ અને તૈમૂરની ક્રૂરતાને પણ શરમાવે તેવો હતો. અબાકાખાન એટલો બધો અત્યાચારી ન હતો તોપણ પ્રજા તેના ભયથી થરથર કાંપતી હતી. તેના બે મુખ્ય કારભારીઓ સાદીના ખાસ ભક્ત હતા. એક દિવસે સાદી બજારમાં ઘૂમી રહ્યા હતા તેટલામાં બાદશાહની સ્વારી ધામધૂમથી ત્યાં થઈને નીકળી.

એ સ્વારીમાં બાદશાહના ઉપલા બંને કર્મચારી પણ હતા. સાદીને જોતાંજ તેઓએ ઉતરી પડીને તેમને વંદન કર્યું. પોતાના વજીરોની સાદી ઉપર આટલી બધી શ્રદ્ધા જોઇ બાદશાહને કૌતુક થયું. તેણે પૂછ્યું કે, એ કોણ છે? વજીરોએ સાદીનું નામ તથા ગુણ કહી સંભળાવ્યા. આથી બાદશાહને સાદીની પરીક્ષા કરવાનો વિચાર થયો. તેણે પોતાને કંઇ ઉપદેશ આપવા કહ્યું. તેણે સાદી પાસે કદાચ પ્રશંસા કરાવવાની ઈચ્છા રાખી હશે; પરંતુ સાદીએ તો તદ્દન નીડરતાથી નીચેની મતલબનો ઉપદેશ સંભળાવ્યો કેઃ—

"જે બાદશાહ પ્રજાપાલનમાંજ પોતાનું સર્વ ધ્યાન રાખીને પોતાના નિર્વાહ માટે પ્રજા પાસેથી કર મેળવે છે, તે તેની મજૂરીનો વાજબી બદલો છે; પરંતુ જો તે પોતાનું કર્તવ્ય બજાવતો ન હોય તો તે હરામનું ધન ખાવાવાળો છે."

અબાકાખાન તો આ ઉપદેશ સાંભળીને ચકિતજ થઈ ગયો અને સાદીની નિર્ભયતાએ તેને પણ સાદીનો ભક્ત બનાવી દીધો.

સાદીમાં આત્મગૌરવની માત્રા પણ ઓછી ન હતી. તે નીચતાને ધિક્કારતા હતા.

સાદીને ધર્મના ઢોંગીઓપર પુષ્કળ ચીડ હતી. પ્રજાને મૂર્ખ

અને ક્યાંઈ મુસલમાનોની જાતમાં ફેલાયેલી જોઈ ને તે બધાંજ દુઃખી થતા હતા. તેમણે જો આપણા કાજી, મુલ્લાં, પંડિત કે પ્રજાના પાખંડી પંડ્યાઓની ઓળખાણ જોઈ હોત તો આ વિષયમાં તેમની લેખિની-એ કંઈ જુદાજ પ્રકારની તીવ્રતા દર્શાવી હોત. આપણા ભંડારી અને ગાદી પર બેસનારા મહંતો, પાલખીમાં બેઠી ચમ્મર ઢોળાવતા આ-ચાર્યો અને પૂજારીઓ, કલાકના કલાક કેશર ઘસવું અને ટીલાં ટપકાં પાછળજ ગાળનારા પંડિતો અને રાજ-રજવાડામાં ઘૂસી ખુશામ-દના બળથી લાખો અને કરોડોના માલીક બની બેસવા છતાં પોતાને મહાન પુરુષમાં ખપાવનારા કારભારીઓને પોતાની હૃદયભેદી કલમ-વડે તેઓ કેવા ચીતરી બતાવત, તેની આજે તો માત્ર આપણે કલ્પનાજ કરી શકીએ.

સાદીનું નૈતિક શિક્ષણ સ્વર્ગ અને નરકની લાભહાનિ ઉપર અવલંબી રહેલું છે. તેમાં પરમાર્થવાદ કે ઉપયોગવાદપર ચર્ચા નથી; પરંતુ સામાન્ય જનસમાજમાં નીતિનો ઉપદેશ કરવાને એવા વાદની ખાસ જરૂર જેવું પણ ન હતું.

સાદી સભાચતુર અને વિનોદશીલ પણ હતા. ઉચ્ચ વિચારના માણસોમાં વિનોદ એ પણ એક ગુણ ગણાય છે કોઈ પણ પક્ષી આઠે પહોર આકાશમાં નથી ઉડી શકતું. શેખ સાદીના વિનોદ સંબંધી ઘણી વાતો છે અને એનો અતિરેક એટલે સુધી ગયેલો છે કે એક અશ્લીલ ગ્રંથ તેમનો બનાવેલો છે એમ કહેવામાં આવે છે; પણ તે વાત વિશ્વાસપાત્ર લાગતી નથી. જો એ વાત સાચી માની લેવામાં આવે તો સાદીનો નીતિવિષયક ઉપદેશને લગતો અધિકારજ નષ્ટ થાય. સાદી ચતુર પુરુષ હતા અને જે રીતે બીરબલની ચતુ-રાઈ દર્શાવવામાં લોકોએ કેટલીએ ગલીચ વાતો તેમને ગળે આરોપી દીધી છે; તેમ સાદીના પણ વિવેકહીન પ્રશંસકોએ તેમના નામને

કલંકિત કર્યું છે. આમ માનવાને એ પણ કારણ છે કે, અશ્લીલ કવિતાઓ છે તેની અને તેમના અન્ય પ્રસિદ્ધ રચનાશૈલીમાં પણ સ્પષ્ટ તફાવત જણાઇ આવે છે.

સાદીના ભાષાલાલિત્યનો ખ્યાલ અનુવાદમાં આવવો છે; તોપણ આશા રહે છે કે, તેની સરળતા, ઉપયોગિતા તથા માર્મિકતાનો કેટલોક પરિચય તો આ પુસ્તકથી વાચકોને મળી શકશેજ. સાદીના "ગુલિસ્તાઁ" અને "બોસ્તાઁ" આ બે ગ્રંથો સકળ પૃથ્વીમાં સાહિત્યરત્નાકરનાં રત્નોરૂપ હોઇને જ્યાં સુધી સરળ ભાષાને સમજનાર અને ભાષાલાલિત્યનો રસાસ્વાદ મેળવનાર ફારસી પાઠકો આ જગતમાં રહેશે, ત્યાંસુધી સાદીની કીર્તિ ઝળકતીજ રહેશે અને તેની પ્રતિભા પૂજાપાત્ર કરશે.



सुबोध पुष्पवाटिका

प्रवेश १ लो–राजनीति

પુષ્પ ૧ લું

મેં સાંભળ્યું છે કે, કોઇ બાદશાહે એક ગુન્હેગારને ફાંસી-ની શિક્ષા ફરમાવી ત્યારે સજા સાંભળતાંજ અપરાધી એ પોતાની જીંદગીથી નાઉમેદ થઇ જઇ પોતાની ભાષામા બાદશાહને ખૂબ ગાળો દીધી. જેમ કૂતરાંથી ચોતરફ ઘેરાયેલી બિલાડી પોતાનું મરણ નજીક આવેલું જુએ છે એટલે નિર્ભય બની જઇને ઉલટી કૂતરાં ઉપર હુમલો કરે છે; તેમ જ્યારે માણસની સર્વ આશા નષ્ટ થઇ જાય છે ત્યારે તે મનમાં આવે તેમ બોલી મનનો ઉભરો ખાલી કરે છે.

બાદશાહ અપરાધીની ભાષા સમજતો નહિ હોવાથી તેણે વજીરને પુછ્યું કે, એ શું કહે છે ? દયાળુ વજીરે ધાર્યું કે અપરાધીનું કહેવું બાદશાહને કહી સંભળાવીશ તો, તેને વધારે ક્રૂર રીતે મરાવી નાખશે, તેથી તેણે જવાબ આપ્યો કે, મહારાજ ! એ કહે છે કે જે માણસ પોતાના ક્રોધને દાબ રાખે છે અને જીવોપર દયા રાખે

છે, તેને પ્રમ…

… અને પેલા અભાગી
કેદી…

… વગર ત્યાં બેઠેલો હતો.
…નારે બાદશાહની સમક્ષ
… તો આપ નામદારને
… તેથી એને તો ઉલટી
… નાખવો જોઇએ."
… થઇ કહ્યું:–તમારી વગર-
… સમયસૂચકતાભરેલી
… મારી અને કેદીની
… તમે જે કહ્યું છે તે
… કર્યું છે. બુદ્ધિશાળી

… વાત કરતાં તે જૂઠી
… નો ઉપદેશ મળે છે.
…થી તેમને ઘણી વાર
… પડે છે; માટે જેઓ
… છે! બાદશાહ
… લખ્યું છે કે:–
… માટે જો હમેશને
… રાખીને જેટલા
… અને રાજસત્તાનો
… જેવા કેટલાએ
… જ્યારે મરણ પાસે

આવે છે ત્યારે સિંહાસન ઉપર મરવાવાળા બાદશાહમાં અને નીચે ભૂમિ પર મરનારા ભિખારીમાં કશોજ ભેદ રહેતો નથી."

પુષ્પ ૨ જું

સુલતાન મહમદ સુબુક્તગીનનું મૃત્યુ થયે સો વર્ષ થઇ ગયા પછી એક દિવસ સ્વપ્નમાં તેને ખુરાસાનના બાદશાહે જોયો. તેણે જોયું કે સુલતાનનું શરીર ટુકડે ટુકડા થઈ માટીમાં મળી ગયું છે; પણ તેનાં નેત્ર ચોતરફ નજર નાખી રહ્યાં છે. બાદશાહે જ્યોતિષીઓને આ સ્વપ્નનું રહસ્ય પૂછ્યું પરંતુ કોઇ તે વિષે સ્પષ્ટતા કરી શક્યું નહિ; ત્યારે એક ફકીરે ઉભા થઇ કહ્યું કે "તેનો જીવાત્મા ચોતરફ આશ્ચર્યપૂર્વક જે વાત જોઇ રહ્યો છે તે એ છે કે, તેના રાજ્યનો અન્ય લોક ઉપભોગ લઇ રહ્યા છે અને એક વખતે જે રાજ્યમાં પોતાની હાક વાગતી, તે રાજ્યમા હવે પોતાને કોઇ યાદ પણ કરતું નથી! કેમકે તેણે સંસારમાં આવીને એવું કાંઈ પણ કાર્ય કર્યું નથી, કે જેથી પૃથ્વીપર તેનું નામ રહે. બીજી તરફ તેના જોવામાં આવે છે કે, નૌશેરવાન જેવા મહાપુરુષનું મૃત્યુ થયે એક જમાનો થઇ ગયો છે તોપણ હજારો લોકો તેનું નામ પ્રેમથી યાદ કરે છે. કબરમાં ગોઠવાયેલું તેનું શબ માટી બની ગયું છે અને તેના હાડકાના એક ટુકડાનો પણ પત્તો નથી; તોપણ તેનું પવિત્ર નામ પરોપકારના કારણથી સંસારમાં અમર રહ્યું છે."

આમ કહીને તે સંતપુરુષે કહ્યુ કે "હે મિત્રો! અમુક માણસ જગતમાંથી વિદાય થઇ ગયો" એવો ધ્વનિ નીકળવા પહેલાં આ જગતમાં તમારાં જીવન એવા નીતિમય અને પરોપકારી બનાવો, કે જેથી જગતમા તમારું નામ અમર થાય અને પરલોકમાં તમે સ્વર્ગસુખ પામી પ્રભુની વધારે નિકટ પહોચો.

પુષ્પ ૩ જું

એક બાદશાહને કેટલાક પુત્રો હતા. તેમાં એક **જરા ઠીંગણો** હોવાથી તેને ગમતો નહોતો. એક વખત બાદશાહે પોતાના **તે પુત્ર** તરફ ઘૃણાભરી દૃષ્ટિથી જોયું. છોકરો બુદ્ધિશાળી હોવાથી **પિતાના** મનનો ભાવ સમજી ગયો અને બોલ્યો કે "પિતાજી! **પ્રત્યેક વસ્તુની** પરીક્ષા તેની લંબાઇ પહોળાઇ ઉપરથી થઇ શકતી નથી. **સ્થૂલકાય** હાથી કરતાં સ્વલ્પકાય સિંહનું પરાક્રમ કેટલું ભારે છે તે **જગતમાં** પ્રસિદ્ધજ છે. વળી પવિત્ર સિનાઈ પર્વત પૃથ્વીના સર્વ પર્વતોમાં ઘણો નાનો છતાં તેની પદવી અને માન સર્વથી ભારે છે. **એક દિવસે** દૂબળા, પાતળા અને બુદ્ધિશાળી આદમીએ કોઇ એક મોટા રાતા-માતા બેવકૂફને કહ્યું હતું કે, એક અરબી ઘોડો ગમે તેટલો દુર્બળ હોય તોપણ તે તબેલામાં રહેતાં અનેક ખચ્ચરો કરતાં ઘણોજ સારો છે."

આ વાતોથી બાદશાહ હસ્યો અને દરબારીઓ પણ ઠીંગણા શાહજાદાની તારીફ કરવા લાગ્યા; પણ તેના ભાઇઓના દિલમાં શૂળ ઉભું થયું.

ઉપલો બનાવ બન્યા પછી અમે સાંભળ્યું છે કે, એક બળ-વાન શત્રુએ બાદશાહપર ચઢાઇ કરી ત્યારે યુદ્ધભૂમિમાં આ નવ-જવાન શાહજાદાએ પોતાના અશ્વને સર્વથી પ્રથમ શત્રુસૈન્યમાં આગળ વધારી વીરહાક મારી કહ્યું હતું કે "હું યુદ્ધમાં પીઠ બતાવીને ભાગી જવાવાળો નથી; પણ રક્તમાં સ્નાન કરી શિર આપવાવાળો છું. જે માણસ યુદ્ધમાં ઉતરે છે તે પોતાના જાનને શરતમાં મૂકે છે અને જે નાસી છૂટે છે તે નાહક પોતાના સૈન્યનું ખૂન કરાવી મોટો પાપી બને છે."

આટલું કહી તેણે દુશ્મન પર હૂમલો કર્યો અને તેના મોટા મોટા નામાંકિત યોદ્ધાઓ ઉપર જિત મેળવી. આ પછી તે રાજ-

કુમારે પિતા સમક્ષ જઇ પ્રણામ કરીને કહ્યું કે "આપ મને ઠીંગણો જોઇને મારો તિરસ્કાર કરતા હતા; પરંતુ યુદ્ધના મોખરાપર હું કેવો હોઉં છું તેનો આપે લેશમાત્ર વિચાર કર્યો ન હતો. કહેવાય છે કે એ યુદ્ધસમયે દુશ્મનનું સૈન્ય ઘણું મોટું હતું અને શાહજાદાની પાસે ઘણાજ ઓછા સૈનિક હતા. આથી તેમાંથી પણ જ્યારે કેટલાક નાસવા લાગ્યા ત્યારે શાહજાદાએ લલકારીને કહ્યું:–"યારો! મરદની માફક યુદ્ધ કરો કે જેથી સ્ત્રીઓનાં વસ્ત્ર ધારણ ન કરવાં પડે!" આ વચનથી આ સિપાઇઓને શૂર ચઢયું અને તેમણે અતિ બહાદુરીપૂર્વક શત્રુપર આક્રમણ કરી જિત મેળવી." બાદશાહે શાહજાદાનાં મસ્તક અને નેત્રને ચૂમી તેને હૃદય સરસો ચાંપ્યો અને ત્યાર પછી દિનપ્રતિદિન તેના પરનો પ્રેમ વધતો ગયો. છેવટે બાદશાહે તેને પોતાનો વારસ બનાવ્યો. આથી તેના ભાઇઓ ઇર્ષ્યાથી બળવા લાગ્યા અને તેમણે એક દિવસે તેના ભોજનમાં ઝેર ભેળવી દીધું; પરંતુ તેમની બહેન બારીમાથી આ પ્રપંચ નિહાળી રહી હતી. શાહજાદાએ મુખમાં મૂકવા માટે ગ્રાસ ઉઠાવ્યો કે તરતજ શાહજાદીએ બારીનું બારણું ખખડાવ્યું અને શાહજાદાની નજર તેના તરફ જતાંજ ઇશારો કર્યો. તરતજ શાહજાદાએ તે ઇશારો સમજી જઇ ગ્રાસ છોડી દઇને કહ્યું કે "બુદ્ધિશાળી માણસો આવી રીતે મરી જશે તોપણ બેવકૂફોથી કાંઈ તેની ખોટ પુરાવાની નથી. પૃથ્વીપર ગરુડની હયાતી ન હોય તેથી કાંઇ ઘુવડને કોઇ કંઇ મજુરાનું નથી."

પછી બાદશાહને આ વાતની ખબર પડતાં તરતજ તેમણે તે અદેખા પુત્રોને પદની શિક્ષા કરી. વાત ખરી છે કે, એક નાની જેવી કામળાપર દશ ફકીર ખુશીથી સુઇ શકે, પણ એક અતિ વિશાળ બાદશાહતમાં બે બાદશાહ નહિ રહી શકે.

એક ફકીર પોતાના પેટની એક રોટીમાંથી પણ અર્ધી ગરીબોને

એક દીન દુઃખીને આપી શકશે; પણ એક બાદશાહ તો પોતાના તાબામાં એક આખા દેશની બાદશાહત છતાં પણ તે અન્ય દેશની બાદશાહત મેળવવા ઈચ્છશે. આ વાત પણ એટલીજ ખરી છે કે “ ઝાઝો લોભ તે પાપનું મૂળ ” તેમ છેવટે લોભનું ફળ ખરાબજ આવે છે; અને જે માણસ નિર્ધન છતાં પણ ઉદાર મનનો હોય છે, અથવા દેખાવમાં નિર્ધન છતાં પણ જે સદ્ગુણી હોય છે તે નજીકમાં દુઃખી થાય તોપણ છેવટે તેનું સારૂંજ થાય છે.

પુષ્પ ૪ થું

[illegible]

લોકોને અદેખાઈની આગમાં બળતો પુરુષ તથા પોતાની કાયાની ખાખ બનાવે છે. જ્યાંસુધી માલીક મહેરબાન છે, જ્યાંસુધી સૌભાગ્ય-સૂર્યનો અસ્તકાળ આવ્યો નથી, ત્યાંસુધી તેનો નાશ કરવાની હજારો કોશીશ કરવા છતાં તે નિષ્ફળજ જાય છે; જ્યાં પણ જેનો સ્વભાવજ એ રોગનો ભોગ થઈ પડયો છે તે પ્રાણની સાથેજ જાય છે:

પુષ્પ ૫ મું

કહેવામાં આવે છે કે, ઈરાનના બાદશાહોમાં એક એવો બાદશાહ થયો હતો, કે જે જબરદસ્તીથી પોતાની પ્રજાનાં મનમાલ છીનવી લઈને જોરજુલમ ગુજારતો હતો. તેના અન્યાયોથી લોકો લાચાર બની અન્ય રાજ્યોમાં જઈ વસાહત કરતા હતા. જ્યારે ઘણીખરી પ્રજા રાજ્ય ત્યજી ચાલી ગઈ ત્યારે રાજ્યની આવક ઘટી ગઈ, ખજાનો ખાલી થઈ ગયો અને બળવાન શત્રુઓએ ચડાઈ કરીને બાદશાહને ચોતરફથી ઘેરી લીધો.

એક દિવસ લોકો બાદશાહની આગળ શાહનામામાંથી જહાક અને ફરીદૂનના રાજ્યપતનનું પ્રકરણ વાંચતા હતા, તે વખતે વજીરે બાદશાહને પૂછ્યું કે "ફરીદૂનની પાસે ન હતું ધન, ન હતી સેના કે ન હતો દેશ; તો એને રાજ્ય શી રીતે મળ્યું ?" બાદશાહે ઉત્તર આપ્યો કે "લોકો તેની સાથે મળી ગયા અને તેમના બળથી તેણે રાજ્ય મેળવ્યું."

વજીરે ફરી કહ્યું કે "જ્યારે આપ જાણો છો કે લોકોને એકત્ર કરવાથીજ રાજ્ય બને છે, તો રાજ્યની ઇચ્છા રાખવા છતાં આપ તેમને કેમ નસાડી મૂકો છો ? પ્રાણને જોખમમાં નાખીને પણ પ્રજાને ખુશી રાખવી એજ ઉચિત છે કેમકે "પ્રજા" એજ રાજાનું બળ છે." ત્યારે બાદશાહે પૂછ્યું કે "સૈન્ય અને પ્રજાનો સંગ્રહ કરવા માટે શી તદબીર કરવાની જરૂર છે ?" વજીરે ઉત્તર આપ્યો:—" નામવરે

ઇન્સાફી બનવાની આવશ્યકતા છે કે જેથી પ્રજા આપના રક્ષણમાં રહેવા આવે અને [illegible] બનવાની પણ જરૂર છે, કે જેથી [illegible] શકે; પરંતુ એમાંનો એકે ગુણ આપનામાં [illegible] કાર્ય નથી કરી શકતું તેમ [illegible] કરી શકતો. જૂલમી રાજા પોતાને [illegible] નાખે છે." બાદશાહે વજીરની [illegible] તેના હાથપગ બંધાવી તુરંગમાં [illegible] કેટલાક દિવસ થઇ ગયા પછી [illegible] હકુમતનો દાવો કરવા લાગ્યા. જેઓ [illegible], તેઓએ તેમને મળી જઇ [illegible] આવ્યું કે, બાદશાહની સત્તામાંથી [illegible]

સારાંશ: [illegible] અને ન્યાયપ્રિય બને છે, પોતાની [illegible] સુખમાંજ પોતાનું સુખ [illegible] જે રાજા પ્રજાને દુઃખ [illegible] તેનું રાજ્ય ઉખડી ગયા [illegible]

[illegible] રાજ્ય શાનું ?
[illegible] રાજ્ય કરવાવાળાનું રાજ્ય
[illegible] છે.

[illegible]

[illegible] પડ્યા અને તેના [illegible] રાજમહેલ તરફ [illegible] કૃપાથી

અમુક દિલ્હી સ્વાધીન કરી લઇ શત્રુઓને કેદ કર્યાં છે અને ત્યાંની સેના તથા પ્રજાએ આપની તાબેદારી સ્વીકારી છે." બાદશાહે આ ખબર સાંભળી ઠંડો શ્વાસ ખેંચી કહ્યું કે "એ ખબર મારે માટે નહિ પણ મારી પાછળ મારા રાજ્યના માલીક થનારા મારા શત્રુઓ માટે છે. મેં મારૂં અમૂલ્ય જીવન મારી વિષયવાસનાઓને પૂર્ણ કરવા પાછળ વૃથાજ ખોયું છે; પણ હવે રાંડયા પછીનું ડહાપણ શા ખપનું? હવે તો મોતનીજ નોબત વાગી રહી છે. માટે અય આંખો! તમે મારા શિરથી વિખૂટી પડો! અય દસ્ત અને હથેળીઓ! તમે પણ એકબીજાની વિદાય લઇ લો! મારા મનોરથના શત્રુરૂપી કાળદેવતાએ મને પૂરેપુરો જકડી લીધો છે. હે મિત્રો! મારૂં બધું જીવન મૂર્ખતામાંજ ગયું. મેં મારા કર્તવ્યનું પાલન નથી કર્યું. મારૂં અનુકરણ રખે કોઈ કરતા."

સારાંશ:—સંસારમાં ગમે તે તરફ નજર કરશો તો જણાશે કે પ્રત્યેક પ્રાણી આ સંસારને લગતી કોઇ ને કોઇ આશા અને તૃષ્ણામાં ફસાઇ રહેલો છે. કોઇ પોતાના રાજ્યની વૃદ્ધિ કરવા ચાહે છે; કોઇ હાથી ઘોડા કે રથની સ્વારી ઇચ્છે છે અને કોઇ રાજદરબારી માનપાન મેળવવા ધારે છે; પણ એકાદ ઇચ્છા પૂરી થઇ ન થઇ એટલામાંજ બીજી વધારે મોટી ઇચ્છા ખડી થઇ રહે છે! આ રીતે આશા અને તૃષ્ણાના ફંદામાં ફસાઇને માણસ પોતાના અતિ અમૂલ્ય અને દેવદુર્લભ જીવનને બરબાદ કરે છે. છેવટે માણસના શરીરનો અંત આવી જાય છે; પણ તેની ઇચ્છાઓનો અંત આવતો નથી. માટે બુદ્ધિશાળી માણસોએ એક પછી એક ઉપડયા કરનારી વિષયવાસનાઓના ચક્કરમાં પડી અમૂલ્ય જીવનને મિથ્યા નહિ ગુમાવતાં સદાસર્વદા નીતિ, પરોપકાર અને પ્રભુપરાયણ રહીને તે પરમાત્માનાં સત્યસુખમય ચરણની પ્રાપ્તિ સત્વર થાય તેમજ કરવું જોઇએ.

પુષ્પ ૭ મું

એક સમયે હું દમાસ્કસની મોટી મસ્જિદમાં હજરત ઓલિયાની કબરના સિરાના તરફ બેઠો હતો; તેવામાં અન્યાયને માટે પ્રસિદ્ધ થયેલો એક અરબ બાદશાહ ત્યાં યાત્રા માટે આવી ચઢયો. તેણે તે ઓલિયાની પૂજા અને ધ્યાન ધર્યા પછી કહ્યું કે "રંક અને રાય સર્વ આપના દાસ છે અને જેમની પાસે સત્તાસંપત્તિ પુષ્કળ હોય છે તેમની ઇચ્છાઓ પણ વધારે મોટી હોય છે અને તેમના ઉપર આફતો પણ વધારે મોટી આવે છે."

પછીથી તેણે મારી તરફ જોઇને કહ્યું કે "ફકીરો ઇશ્વરના સાચા ભક્ત હોય છે. આપ મારે માટે પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરો; કેમકે મને એક બળવાન શત્રુનો ભય છે."

મેં જવાબ આપ્યો કે "તમારાથી જે નિર્બળ હોય તેનાપર જો દયા દાખવશો, તો બળવાન શત્રુ તમને કષ્ટ નહિ આપી શકે."

નિર્બળ અને રક્ષણમાં મુકાયલી પ્રજાને રાજાએ બાહુબળથી દબાવવી, એ પરમાત્માનો સર્વથી મોટો અપરાધ છે. જે રાજા પોતાની પ્રજા સાથે મળીને રહેતો નથી તે સદા ભયભીતજ રહે છે. જે બદીનું બીજ વાવીને નેકીના ફળની આશા રાખે છે તે મોટી ભૂલ કરે છે.

પુષ્પ ૮ મું

એક જાલીમ બાદશાહે કોઇ ધર્મપરાયણ માણસને પૂછયું કે "કેવા પ્રકારની ઉપાસના કરવાથી મને વધારે પુણ્ય મળે ?" ત્યારે તેણે જવાબ આપ્યો કે "બપોરસુધી ઈશ્વર તમને ઉંઘેલા રાખે, એવી પ્રાર્થના કરો કેમકે તમે જેટલો કાળ ઉંઘમાં હશો, તેટલો કાળ લોકો તમારા જૂલમથી બચેલા રહેશે."

પુષ્પ ૯ મું

મેં એક બાદશાહ વિષે સાંભળ્યું છે કે એક રાત્રે તેણે ખૂબ સારૂં સારૂં ખાધું તથા ખૂબ દારૂ પીધો અને જ્યારે તેને ખૂબ નશો ચઢ્યો ત્યારે તે મોજમાં આવી જઇ કહેવા લાગ્યો કે "મારા આખા જીવનમાં આજના જેવી મઝા મને કદી મળી નથી." એક ભિખારી નીચે ઓટલાપર સૂતો હતો તેણે બાદશાહની ઉપલી વાત સાંભળી અને તેના નશાનો લાભ લેવાના ઇરાદાથી તે ભિખારીએ કહ્યું કે "અય બાદશાહ! ખરેખર જગતમા તમારા જેવું સુખી કોઇ નથી અને તમારા જેવું બળવાન પણ કોઇ નથી: પરંતુ શું અમો દીનદુઃખીઓ તરફ આપે ઉદાર ન થવું જોઇએ?" નશાની લહેર-માં ચઢેલો બાદશાહ એ વાત સાંભળીને બહુજ પ્રસન્ન થયો અને તરતજ તેણે એક હજાર મહોરોની કોથળી કાઢીને કહ્યું કે, અય ફકીર! લુગડાનો ખોળો ધર. ભિખારીએ કહ્યું કે "મારી પાસે કપડું-જ નથી ત્યાં ખોળો શાનો ધરૂં?" આથી બાદશાહે મહોરોની સાથે એક કપડું પણ તેને આપી દીધું.

થોડાજ દિવસમાં પેલા ઉડાઉ ભિખારી બધું નાણું મોજ-શોખમાં ઉડાવી દઇને પાછો માગવા આવ્યો. ઠીકજ કહ્યું છે કે:—

ઉડાઉના હાથમાં તેમજ દયાળુ પરોપકારી માણસના હાથમાં ધન નથી ટકતું; લોભીના દિલમા સબુરી નથી રહેતી અને ચાળણી-માં પાણી નથી ટકતું.

એક સમયે જ્યારે બાદશાહને ઉપલા માણસનો ખ્યાલ પણ ન હતો, ત્યારે બાદશાહના એક માણસે તે ભિખારીની માગણીની વાત કહી. બાદશાહે આથી બહુ નારાજ થઇને તે માણસ તરફથી પોતાનું મુખ ફેરવી લીધું. આ઼઼઼ઉપરથી એક બુદ્ધિમાને કહ્યું છે કે "બાદશાહો સાથે તેમના મદદગારોએ દરેક જરૂરી વાત

વૃથા જાયને વખતે પરિણામ પણ વિપરીત આવે છે. (૩) મનુષ્યે સમજી વિચારીનેજ ખર્ચ કરવો જોઇએ. ઉડાઉપણે ખર્ચ કરનાર આખરે દુઃખીજ થાય છે. (૪) દાનની પરંપરા સદા જારીજ રાખવી જોઇએ અને તેનો એવો પ્રબંધ કરવો જોઇએ કે જેથી ખરેખરા દીનદુઃખીઓનેજ સહાયતા પહોંચે.

પુષ્પ ૧૦ મું

એક બાદશાહ પોતાના રાજ્યના રક્ષણ તરફ બિલકુલ ધ્યાન રાખતો ન હતો; એટલે સુધી કે પોતાના સૈનિકો તથા અમલદારોનો પગાર પણ આપતો ન હતો. સૈનિકોને એ વાતથી એટલું કષ્ટ થયું કે બાદશાહપર એક વાર કોઇ એક શત્રુ ચઢી આવતાં તેમણે રાજા તરફથી લડવાને ના પાડી અને નોકરી છોડી દીધી. આવી રીતે નોકરી છોડી દેનારાઓમાં એક મારો ખાસ મિત્ર હતો. મેં તેને ધિક્કાર આપીને કહ્યું કે "એક સામાન્ય વાતને માટે પોતાના એક પુરાણા માલીકના અનેક વર્ષોના ઉપકારને બિલકુલ ભૂલી જાય વિપદને વખતે તેનો સંગ ત્યજી દેવો, એ તો બહુજ નીચતા, બદનામી અને કૃતઘ્નતાનું કામ છે."

તેણે ઉત્તર આપ્યો કે "આપ જો પૂરેપુરી હકીકત સાંભળશો તો મને દોષ નહિ આપો. મારો ઘોડો દાણા વિના મરવાની અણી પર આવી ગયો હતો. તેના ઉપર બાંધવાનું કપડું ફાટીને છેક ખરાબ થઇ ગયું હતું; એવી હાલત છતાં પણ બાદશાહે લોભને લીધે સિપાઇઓનો પગાર રોકી રાખ્યો હતો. કહો ભલા, આવા સંજોગોમાં માલિકને માટે પોતાનો પ્રાણ આપવાને અમે ક્યાંથી તૈયાર હોઇએ?"

સારાંશ:—પોતાના સૈનિકો તથા નોકરોનો પગાર જરા પણ અગત્ય સિવાય વખતસર અપાયા કરવો જોઇએ; અને એમ ન

[illegible] ... ઘણી ... [illegible] છે અને
[illegible] ... [illegible]
[illegible] ... [illegible]
[illegible] ... [illegible]
ભાગી જાય છે

પુષ્પ ૧૧ મું

